# વાયબ્રન્ટ-૨૦૧૩ના વિદેશ પ્રવાસનો પ્રારંભ

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં એક તરફ ચૂંટણીના બ્યુગલ ફુંકી દેવામાં આવ્યા છે ત્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વિજયનો આશાવાદ હોય તેમ તેમણે વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટની તૈયારી શરૂ કરી દીધી છે. રાજકોટમાં મોદીએ જીત માટેનો દાવો કરી દીધો છે અને આ સરકારનું નવતર કદમ વાયબ્રન્ટ માથે લઈ લીધું છે.



ગુજરાતમાં છઠ્ઠી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૩ના પ્રમોશન માટે રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ અને ઉદ્યોગોના પ્રતિનિધિઓના જૂથો વિદેશોમાં જઈ રહ્યાં છે. આ સમિટ ૧૧ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાનાર છે.

રાજ્યની આ વખતની સમિટમાં ઈનોવેશન, નોલેજ અને યુથ એમ્પાવરમેન્ટ ઉપર વધારે ફોક્સ રાખવામાં આવ્યું છે.

કોર્પોરેટ અને રાજ્ય સરકારના પ્રતિનિધિઓનું બનેલું પહેલું ગ્રુપ રવિવારે ચાઈના અને હોંગકોંગ ગયું છે. આ ગ્રુપની આગેવાની નવી દિલ્હી સ્થિત ગુજરાતના રેસિડેન્ટ કમિશનર ભરત લાલે લીધી છે. આ ગ્રુપ બન્ને દેશોમાં ૨૨મી જૂન સુધી વાયબ્રન્ટ ગુજરાતનો રોડ શો કરશે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ નવેમ્બર-૨૦૧૧માં ચાઈનાની મુલાકાત લીધી હતી તે સમયે ચાઈનાની કંપનીઓએ ગુજરાતમાં મૂડીરોકાણ કરવાની ઉત્સુકતા બતાવી હતી. ચાઈનાની ટેબીયા ટ્રાન્સફોર્મર મેન્યુફેક્ચરીંગ કંપની ગુજરાતમાં ૨૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરવાની છે. વિખ્યાત ટેલીકોમ કંપની પણ ગુજરાતમાં રોકાણ કરી રહી છે.

વાયબ્રન્ટનું બીજું ગ્રુપ ૧૮ થી ૨૮મી જૂને ફ્રાન્સ, જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડ જશે જેમાં રિલાયન્સ, અદાણી, ટોરેન્ટ, એસ્સાર અને તાતા ગ્રુપ જેવી કંપનીઓના રિપ્રેઝન્ટેટીવ જોડાવાના છે. આ ડેલિગેશનની આગેવાની ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડના સીઈઓ એ.કે.શર્મા લેવાના છે.

ત્રીજું ગ્રુપ ૨ થી ૧૨મી જુલાઈના રોજ નર્મદા અને પાણી પુરવઠા વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એચ.કે.દાસના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયા અને સિંગાપુર જશે. આ ગ્રુપમાં અદાણી, એસ્સાર, વેદાન્તા, એબીજી શિપીંગ, અમૂલ સહિતની કંપનીઓના એક્ઝિક્યુટીવ્સ જોડાશે.

વાયબ્રન્ટના પ્રમોશન માટે ચોથું ગ્રુપ ૭ થી ૧૯ જુલાઈના રોજ યુએસ અને કેનેડા જશે, જેમાં રિલાયન્સ, અદાણી એનર્જી, સુઝલોન સહિતની કંપનીના પ્રતિનિધિઓ જોડાશે. આ ગ્રુપની લીડરશીપ એનર્જી વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી ડી.જે.પાંડિયન લેશે.

### રાજ્યમાં પાંચ વાયબ્રન્ટ સમિટની સ્થિતિ

ગુજરાતમાં પ્રથમ વાયબ્રન્ટ સમિટ ૨૦૦૩માં થઈ હતી. ત્યારબાદ દર બે વર્ષે ૨૦૧૧ સુધીમાં કુલ પાંચ વાયબ્રન્ટ સમિટ યોજવામાં આવી છે.

| વર્ષ | એમઓયુ | યુએસ બિલી. ડોલર |
|---|---|---|
| ૨૦૦૩ | ૭ | ૧૪ |
| ૨૦૦૫ | ૨૨૬ | ૨૦ |
| ૨૦૦૭ | ૭૫ | ૧૫૨ |
| ૨૦૦૯ | ૮૬૬૦ | ૨૫૩ |
| ૨૦૧૧ | ૭૯૩૬ | ૪૫૦ |



**ઉચ્ચ અધિકારીઓ અને ઉદ્યોગજૂથના પ્રતિનિધિઓને ચાર ગ્રુપમાં વહેંચી દેવાયા : વિદેશમાં રોડ શો અને વાયબ્રન્ટનું પ્રમોશન કરશે**

# ઝૂંપડપટ્ટી ને ગંદકીની સમસ્યાથી છૂટકારો પામવા સૅ.૬ના વસાહતીઓની ૧૪મીએ સમૂહ બેઠક

ગાંધીનગર, તા. ૧૨

નગરના ઘ-૨ વિસ્તારમાં આપમેળે ઊભી થયેલા મજૂર બજારને કારણે આસપાસનાં સૅક્ટર્સમાં વકરી રહેલી ઝૂંપડપટ્ટી અને ગંદકીની સમસ્યા દિન-પ્રતિદિન વધુ ને વધુ ઘેરી બનતી જાય છે અને હવે એ સમસ્યાથી છૂટકારો મેળવવા માટે સ્થાનિક વસાહતીઓએ જાતે જ કમર કસી હોવાના સમાચાર સાંપડ્યા છે.

દેશની વસતી કરતાંય વધુ ઝડપે વિસ્તરી રહેલી ગાંધીનગરની ઝૂંપડપટ્ટી અને તેના કારણે ઊભી થતી અનેક સમસ્યાઓથી નગરજનોને નિજાત અપાવવામાં સદંતર નિષ્ફળ ગયેલા તંત્રને કોરાણે મૂકીને હવે નાગરિકો જાતે જ આ બદી હટાવવા માટે સક્રિય બન્યા છે.

વસાહત મંડળ સૅક્ટર-૬ના પ્રમુખ કિશનભાઈ બ્રહ્મભટ્ટે આ બાબતનો સંકેત આપતાં જણાવ્યું છે કે, ઘ-૩થી ઘ-૨ સર્કલ સુધીના માર્ગ પાસે ભેગી થતી મજૂર માનવ મેદનીથી થતી ગંદકી અને કુદરતી હાજતની જાહેરમાં થતી ક્રિયાથી ઉદ્‌ભવતી તીવ્ર દુર્ગંધ દૂર કરવા તથા ઝૂંપડપટ્ટી દૂર કરવા મ્યુનિસિપલ કમિશનર તથા મેયરને લેખિતમાં જાણ કરવામાં આવી હતી.

આ અંગે વધુ સક્રિયતા લાવવા સારુ તથા તાજેતરમાં આ પ્રકારની અતિશય દુર્ગંધતી ત્રાસીને તે દૂર કરાવવા માટે સૅક્ટર-૬ના સામાજિક કાર્યકર કશ્યપ નિમાવતે ઝૂંપડપટ્ટી પોતાની જાતે દૂર કરવાની એકલા હાથે પહેલ કરતાં આ ઝૂંપડપટ્ટીવાસીઓએ ભેગા થઈને તેઓ સામે હૂમલો કર્યો હતો. સૅક્ટર-૬ના તમામ રહેવાસીઓ એકસાથે મળીને આ બદી સામે અવાજ ઊઠાવે તો ચૉક્કસ કંઈક પરિણામ આવે તેમ છે એવું લાગતાં સૅક્ટર-૬ના તમામ રહેવાસીઓએ તા. ૧૪ જૂન ને ગુરુવારના રોજ રાત્રીના ૮ કલાકે અંબાજી માતાના મંદિરવાળા ચૉક, સૅક્ટર-૬ એ ખાતે ઉપરોક્ત બનાવને સખત શબ્દોમાં વખોડી કાઢવા તથા આ બદી દૂર કરી સ્વસ્થ અને સ્વચ્છ વાતાવરણ સૌને મળી રહે તે માટે એકજૂથ થવા એક મિટીંગનું આયોજન કર્યું છે.

## શબ્દાવલી - ૪૭૫૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ૫ |
| | ■ | ૬ | ૭ | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | ■ | ૧૧ | | ૧૨ | | ■ |
| ■ | ૧૩ | ૧૪ | | ■ | | ■ | ૧૫ |
| ૧૬ | | | | ■ | ૧૭ | ૧૮ | |
| | ■ | ■ | ■ | ૧૯ | | | |
| ૨૦ | ૨૧ | ૨૨ | | ■ | ■ | | ■ |
| ૨૩ | | | ■ | ૨૪ | | | |

**આડી ચાવી**

૧. એગ્રીમેન્ટ, કબૂલાત (૩)
૩. કપુત, ખરાબ લક્ષણવાળો (૪)
૬. લાકડાના ખાટલા વગેરેમાં આ જંતુ પડે, જીવડું (૩)
૮. સેટી, પલંગ (૨)
૯. હંમેશ, નિત્ય (૨)
૧૧. કબર, રોજો (૪)
૧૩. માંગ, ચાંપતી ઉઘરાણી (૩)
૧૬. વન્ય પ્રાણી (૪)
૧૭. ખૂન, હત્યા (૩)
૧૯. અર્થ, એટલે કે (૪)
૨૦. પીળા ફૂલવાળું એક વૃક્ષ જેની શીંગો પણ દવામાં વપરાય છે (૪)
૨૩. રૂપાનું, ધોળાશ પડતું (૩)
૨૪. બટાલિયન, સૈન્ય (૪)

**ઊભી ચાવી**

૧. સંજવારી, કૂડો (૩)
૨. પાર્વતીનું એક નામ (૨)
૩. કઠણ, સખત (૩)
૪. તાપ, આગનો શૅક (૩)
૫. રટણ (૨)
૭. તાકાત વગરનું (૪)
૧૦. કાળજી, સંભાળ (૩)
૧૨. કમાણી, આવક (૪)
૧૪. આયનો, શીશો (૨)
૧૫. તીવ્ર ઝંખના, વ્યસનીને વ્યસનની લાગતી... (૩)
૧૬. સભ્ય ન લાગે તેવું (૪)
૧૮. તલ અને ગોળ ખાંડીને પ્રસાદ બનાવે તે (૪)
૨૧. ધૂળ વગેરે કચરો (૨)
૨૨. હરાવવું, વશમાં લેવું (૨)

### શબ્દાવલી ૪૭૫૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) શરતચૂક (૫) ચાસ (૭) જકાત (૮) રજા (૧૧) દોરવણી (૧૨) નભ (૧૫) કવાયત (૧૮) વાણી (૧૯) જવાબદારી (૨૩) જલદ (૨૪) તવાયફ (૨૫) કરજ

**ઊભી ચાવી :-** (૧) સમર (૨) તજ (૩) ચુકાદો (૪) કતરણ (૫) ચારણી (૬) સજા (૧૦) જૂનવાણી (૧૩) ભય (૧૪) મદારી (૧૫) કવાયત (૧૬) તજ (૧૭) મબલક (૨૦) વાજ (૨૧) દાદર (૨૨) લાય

# ચિદમ્બરમ, સોની, સલમાન ખુર્શીદ આજે અમદાવાદમાં

## મોદીના આક્ષેપોનો જવાબ આપવા ત્રણ કેન્દ્રીય મંત્રીઓ અમદાવાદમાં : સહાય અને અનુદાનની માહિતી અપાશે

અમદાવાદ, તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના મહીના બાકી રહ્યા છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કેન્દ્ર સરકાર ગુજરાતને અન્યાય કરી રહી હોવાના રોજબરોજ આક્ષેપો કરી રહી છે. આથી મુખ્યમંત્રીના જુઠ્ઠાણાનો જવાબ આપવા કેન્દ્રના ત્રણ મંત્રીઓ પી. ચિદમ્બરમ, અંબિકા સોની અને સલમાન ખુર્શીદ આવતીકાલે અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. બપોરે ૩.૪૫ કલાકે અમદાવાદ મેનેજમેન્ટ એસોમાં પત્રકાર પરિષદને સંબોધીને કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને મળેલી સહાયની વિગતો આપશે. તેમ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કથિત જુઠ્ઠાણાને ખાળવામાટે કોંગ્રેસે રણનીતિ ઘડી કાઢી છે. જેના ભાગરૂપે કેન્દ્રના ત્રણ મંત્રીઓને આવતીકાલ તા.૧૩મીને બુધવારે અમદાવાદ મોકલવામાં આવી રહ્યા છે. ત્રણેય મંત્રીઓ પુરી તૈયારી સાથે આવી રહ્યા છે. બપોરે પત્રકાર પરિષદનું આયોજન કરાયુ છે જેમાં મુખ્યમંત્રી કેન્દ્ર સરકાર સામે કરેલા આક્ષેપોનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. સૂત્રોના કહ્યા મુજબ કેન્દ્રીયમંત્રીઓ પી. ચિદમ્બરમ, અંબિકા સોની અને સલમાન ખુર્શીદ એએમએમાં પત્રકાર પરિષદ પૂર્ણ કર્યા બાદ પ્રવેશ કોંગ્રેસ કાર્યાલય, રાજીવ ગાંધી ભવનની પણ મુલાકાત લેશે. જ્યાં પ્રદેશ આગેવાનો, હોદ્દેદારો, પદાધિકારીઓને મળશે. અને ગુજરાત વિધાનસભાની ૨૦૧૨ ડિસેમ્બરમાં યોજાનારી ચૂંટણીના સંદર્ભમાં ચર્ચા કરશે.

# ગુજરાત પોલીસ દળમાં તેજતર્રાર મહિલાઓની ૩પથી ૪૦ ટકા ભરતી નારી રક્ષા માટે નવી શક્તિ બનશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્ય પોલીસ દળમાં પાયાની સુરક્ષાકર્મી કેડરમાં લોકરક્ષકો વર્દીની શાન સાથે, સુરક્ષા સેવાના ક્ષેત્રમાં પોતાનું સામર્થ્ય બતાવવાનું પ્રેરક આહ્‌વાન આપ્યું હતું.

રાજ્યની સૌથી જૂની પોલીસ તાલીમ શાળા-વડોદરામાં નવપ્રશિક્ષિત ૪૧૯ લોકરક્ષકોની દીક્ષાંત પરેડનું સલામી નિરીક્ષણ કર્યા બાદ મુખ્યમંત્રીશ્રીએ ત્રિરંગા રાષ્ટ્રધ્વજની સાક્ષીએ દેશની અને કોટી કોટી નાગરિકોની સુરક્ષા માટે પોતાનું જીવન જીવી જવાનો અનુરોધ કરતા જણાવ્યું હતું કે, નાગરિકનું ગૌરવ, સલામતી અને સેવા એ ત્રિરંગાની દેશભક્તિ છે.

ગુજરાત પોલીસ દળમાં લોકરક્ષકમાં જોડાયેલા યુવક-યુવતિઓની તાલીમાર્થી બેચ આઠ મહિનાની શિસ્તબદ્ધ તાલીમ સંપન્ન કરીને વર્દીધારી સુરક્ષાકર્મી બન્યા છે. બે દિવસમાં કુલ ૮૯૨ લોકરક્ષકો જુદા જુદા જિલ્લાઓમાં આજથી ફરજ ઉપર હાજર થઈ જવાના છે.

આજે સવારે વડોદરા પોલીસ તાલીમ શાળાના વધુ ૪૧૯ લોકરક્ષકોની દીક્ષાંત પરેડનું મુખ્યમંત્રીશ્રીએ નિરીક્ષણ કરી સલામી ઝીલી હતી. આ અગાઉ ગાંધીનગરની ગુજરાત પોલીસ અકાદમી-કરાઈમાં પણ ગઈકાલે ૪૭૩ લોકરક્ષકોની શાનદાર માર્ચપાસ્ટ પરેડ યોજાઈ હતી. વડોદરાના ૪૧૯ લોકરક્ષકોમાં ૪૧ અનુસ્નાતકો, ૧૬૯ સ્નાતકો અને ૨૦૯ અન્ડર ગ્રેજ્યુએટ છે. ગુજરાતના લોકરક્ષક પોલીસ કેડરમાં રાજ્યની કન્યાઓ પણ ખૂબ નોંધપાત્ર સંખ્યામાં સુરક્ષા સેવામાં જોડાઈ રહી છે.

રાજ્યની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાના ક્ષેત્રમાં પર્દાપણ કરી રહેલા હોનહાર લોકરક્ષકોને તેમની તાલીમની તપસ્યાને પોલીસ દળની શક્તિરૂપે નિખારવા પ્રેરક માર્ગદર્શન મુખ્યમંત્રીશ્રીએ આપ્યું હતું.

# પાટનગર યોજનાના સફાઈ કામદારોનો પગાર હજુ થયો નથી

ગાંધીનગર, તા. ૧૨

માર્ગ અને મકાન વિભાગના તાબા હેઠળની કચેરી પાટનગર યોજના સબ ડીવીઝન-૧ના કાયમી રોજમદાર સફાઈ કામદાર વર્ગ-૪ના કર્મચારીઓ છીએ. સફાઈ કામદારો કામગીરી નિષ્ઠાપૂર્વક બજાવે છે. સફાઈ કામદારોને મે-૨૦૧૨નો પગાર હજુ સુધી મળેલ નથી. સફાઈ કામદાર ખુબ જ નાના કર્મચારીઓ છે. કારમી મોંઘવારીમાં પરિવારજનોનું ભરણ પોષણ કરવું અશક્ય છે. શાળાઓ ખુલી ગઈ છે. બાળકોની સ્કુલ ફી, ચોપડાઓ લાવવાની થાય છે. પગાર ન થવાથી બાળકોની ખરીદી કરી શકાતી નથી. જેમના મનમાં લઘુતાગ્રંથી બંધાય છે. આ સફાઈ કામદારોને તાત્કાલિક પગાર ચુકવવાની ઉગ્ર માંગણી છે.

તા. ૧ થી પમાં પગાર ચુકવણી કરવી તેવો પરિપત્ર હોવાં છતાં અમલ થતો નથી દર મહિને સફાઈ કામદારો મુશ્કેલીની પીડા અનુભવે છે. સફાઈ કામદારોના અગ્રણી ઈશ્વરભાઈ વાઘેલા અને અમરતભાઈ વાઘેલાએ એક યાદીમાં જણાવેલ છે.

## ૬૦૦ ગેરકાયદે ઝૂંપડાં...

● પાન-૮નું અનુસંધાન

પણ આ બંને સૅક્ટર્સ વચ્ચેથી પસાર થતા ઘ રોડ ઉપરથી પસાર થવું હોય તો નાક બંધ કરીને જ પસાર થવું પડે એટલી હદે આ વિસ્તારો ગંદકીથી ખદબદી ગયાં છે. વસાહતીઓનાં સ્વાસ્થ્ય પણ આ કારણે જોખમાયાં છે. અવાર-નવાર અહીં જાતભાતના રોગો માથું ઉંચકે છે. ઉલ્લેખનીય છે કે થોડા માસ અગાઉ સૅક્ટર-૬માંથી જ કમળાના સૌથી વધુ કેસ મળી આવ્યા હતા. એ પહેલાંય ચિકન ગુનિયા ને મૅલેરિયા, ફ્લૂ, વાઈરલ ફીવરના ઉલ્લેખનીય કેસો અહીં જ મળ્યા હતા.

એ ઉપરાંત, અભણ કે ઓછું ભણેલા શ્રમિકોના ઝઘડા, અપશબ્દો, દારૂ પીવાની આદત, દેહવિક્રય, ખુલ્લામાં જ ન્હાવાની ને શરીર સંબંધ બાંધવા જેવી નિત્ય ક્રિયાઓને કારણે પણ વસાહતીઓ તૉબા પોકારી ગયા છે. અનેક વસાહતીઓએ અનેકવાર વ્યક્તિગત રીતે કે સંસ્થાકીય રીતે પણ તંત્ર સમક્ષ આ સમસ્યાઓ બાબતે રજૂઆત કરી જ છે, પરંતુ નઘરોળ તંત્ર આ બાબતે સદંતર આંખ આડા કાન કરે છે, જે કારણે નિત નવી સમસ્યા વસાહતીઓની સામે આવી રહી છે. હજુ તંત્ર આ બાબતે નહીં જાગે તો એ દિવસ પણ દૂર નથી કે જ્યારે વસાહતીઓ અને ઝૂંપડપટ્ટીવાળાઓ વચ્ચે ખુલ્લા હાથની લડાઈ શરૂ થઈ જશે. તંત્રએ સમયસૂચકતા વાપરીને હવે જાગવાની જરૂર છે નહીંતર આ ગૅરકાયદેસર ઝૂંપડપટ્ટી તંત્ર પરનો લોકોનો વિશ્વાસ અને તંત્રનું નાક લઈને જશે એ વાત નિશ્ચિત છે.

## સેરાઈમાં માણો ચોમાસાની મજા

ભીની ધરતીની ખુશ્બુ, ખળખળ વહેતા પાણીનો અવાજ,હોટકોફીની સુગંધ, આ તમામ વસ્તુઓની મજા માણવા આવો ધ સેરાઈમાં. કર્ણાટકનાં ચિકમગલુર, કોબીની અને બાંદીપુર એમ ત્રણ સ્થળોએ સેરાઈ રિસોર્ટસ આવેલા છે. ચોમાસાને ધ્યાનમાં રાખીને મોન્સુન પેકેજ ખાસ ઓફર કરવામાં આવ્યું છે. સહેલાણીઓ માટે ચિકમગલુરનાં કોફી કન્ટ્રી, કાબીનીનાં મનોરમ્ય વોટર ફ્રન્ટ વિલા કે બાંદીપુરની વાઈલ્ડનેસનો અનુભવ માણવા જેવો છે. ધ સેરાઈ, ચિકમગલુરમાં બે રાત્રિ અને ત્રણ દિવસ વીક એન્ડ પેકેજ રૂ. ૨૯,૬૦૦, વીકેડે પેકેજ રૂ. ૨૭,૯૦૦માં ઉપલબ્ધ છે. કાબીનીમાં તા. ૧૬ જૂનથી તા. ૩૦ સપ્ટેમ્બરસુધી ઓફર કરવામાં આવેલા બે રાત્રિ અને ત્રણ દિવસનાં પેકેજમાં વીક એન્ડ પેકેજ રૂ. ૨૫,૬૫૦ અને વીકડે પેકેડ રૂ. ૨૪,૨૦૦માં ઉપલબ્ધ છે. ધ સેરાઈ, બાંદીપુરમાં પણ ૧૬ જૂનથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૨ સુધીનાં પેકેજો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. વીક એન્ડ પેકેજ રૂ. ૨૬,૧૦૦ અનેતેથી વધુતેમજ વીકડેપેકેજ રૂ. ૨૪,૭૫૦ અને તેથી વધુ કિંમતમાં ઉપલબ્ધ છે.

## તમામને પ્રવેશ મળી જશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રયાસ સાથે જિલ્લાની તમામ શાળાઓને પરિપત્ર આપી દેવાયો છે. જિલ્લા શિક્ષણાધિકારીએ પ્રવેશ સંદર્ભે બહાર પાડેલા પરિપત્રમાં ધો-૧૧ સાયન્સમાં વર્ગદીઠ વિદ્યાર્થીની સંખ્યા ૬૦ અલબત્ત તેથી વધુ નહીં રાખવા પણ જણાવ્યું છે. જયારે આ ૬૦ વિદ્યાર્થીઓમાં મેરીટ મુજબ ૩૭ વિદ્યાર્થી પોતાની જ શાળાના જયારે અન્ય શાળાના ૯ અને અનામત કક્ષાના ૧૪ વિદ્યાર્થીનો સમાવેશ કરાયો છે. અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને અનુલક્ષી ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. અનુસૂચિત જાતિના ૭ ટકા તેમજ અનુસૂચિત જનજાતિના ૧૪ ટકા ઉપરાંત શારીરિક શૈક્ષણિક પછાત કેટેગરીના ૨૭ ટકા વિદ્યાર્થીઓને શાળાએ પ્રવેશ આપવા આદેશ કરાયો છે. પરિપત્રની સૂચનાનું ઉલ્લંઘન કરી શાળા કક્ષાએથી પ્રવેશ અપાશે તે અંગેની જવાબદારી શાળાના આચાર્યની રહેશે. જયારે જવાબદાર શાળાના આચાર્ય સામે શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે. તા. ૧૯ જૂન સુધીમાં પ્રવેશ ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓને શાળાઓમાં પ્રવેશ આપવામાં આવશે.

## લાંચ લેતા ઝડપાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરજ બજાવતા કે.બી. પંજવાણીએ રકમની માંગણી કરતા શિક્ષક મહેન્દ્રભાઈએ આ અંગે ગાંધીનગર એ.સી.બી.ને જાણ કરી હતી. એ.સી.બી.ના પી.આઈ. જે.જે. ચાવડા, એ.એસ.આઈ. પી. બી. ગઢવી, એ. જે. સૈયદ, મનોજ નાડીયા, અશોક પટેલ અને જશુ પરમાર સહિતના સ્ટાફે આજે બપોરના સમયે રેઈડ કરી શિક્ષણ નિયામકની કચેરીના કારકુન પંજવાણીને રૂ. ૨૫ હજાર લેતા રંગેહાથ ઝડપી લીધા હતા. આરોપીએ અગાઉ પણ અન્ય કામ માટે રૂ. ૫૦ હજાર લીધા હોવાની વિગત પણ પ્રકાશમાં આવી છે. એ.સી.બી.એ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફૂલોની ખેતીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરનો બીજોક્રમ આવ્યો છે. આ ગલગોટા બીજા રાજ્યોમાં નિકાસ પણ થઈ રહ્યાં છે.

સાત વર્ષ પહેલાં રાજ્યમાં ફુલોની ખેતીનો વાવેતર વિસ્તાર માત્ર ૪૯૧૭ હેક્ટરનો હતો અને ઉત્પાદન ૨૯૦૩૮ મેટ્રીક ટન થતું હતું, આજે ફુલોનો વાવેતર વિસ્તાર વધીને ૧૨૦૦૦ હેક્ટર થયો છે અને ઉત્પાદન વધીને ૯૦૦૦૦ મેટ્રીક ટન થયું છે. બીજી તરફ માત્ર ફુલોમાં ખેડૂતોની કમાણી ૮૦૦ કરોડની વધીને ૨૮૦૦ કરોડ થવા જાય છે.

ગુજરાતમાં અત્યારે ૨૩૯૪૨ મેટ્રીક ટન ગુલાબના ઉત્પાદન પૈકી ૫૭૫૦ મેટ્રીક ટન સાથે વડોદરા જિલ્લો પ્રથમ નંબરે છે. મોગરાના ઉત્પાદનમાં અમદાવાદે મેદાન માર્યું છે.

કુલ ૨૬૭૦ મેટ્રીક ટન સાથે આ જિલ્લામાં ૮૧૬ મેટ્રીક ટન મોગરાનું ઉત્પાદન થાય છે, જ્યારે લીલીના ૧૩૬૩૦ મેટ્રીક ટનના ઉત્પાદનમાં ૮૧૮૪ મેટ્રીક ટન સાથે નવસારી નંબર વન છે.

ભારત અને ગુજરાતમાં ફુલોનું માર્કેટ તેજીમાં છે તેમ વિદેશમાં પણ ફુલોની માંગ વધતી જાય છે. દેશમાં ફુલોની નિકાસમાં ગુજરાતનો ફાળો વર્ષે ૨૮૦૦ કરોડનો છે. સુરતમાં અત્યારે જરબેરાના ફુલોનું ઉત્પાદન વધી રહ્યું છે.

રાજ્યમાં ગ્રીનહાઉસ કલ્ચરના કારણે ગાંધીનગર સહિત ૧૨ જિલ્લામાં ફુલોનું ઉત્પાદન જોરમાં ચાલી રહ્યું છે. સુશોભિત ફુલોના બજારમાં આવેલી તેજીના કારણે ઉત્પાદનમાં વધારો શક્ય બન્યો હોવાનું કૃષિ તજજ્ઞો માની રહ્યાં છે.

# સમાચાર ઝલક

- આઠ પોલીસ અધિકારીઓની એન્કાઉન્ટરના મુદ્દે ધરપકડ કરવા માટે સી.બી.આઇ.એ મજબૂત સકંજો બનાવેલ છે.
- એર ઇન્ડિયાના ૩૦૦ પાઇલોટોની હકાલપટ્ટીની વકી.
- ટીવી એભિનેત્રી રૂચા એ માનસિક, શારીરિક ત્રાસ માટે જીવનસાથી સંઘવી સામે પોલીસ કેસ મુંબઇમાં નોંધાવ્યો.
- સૌથી વૃધ્ધ અબજોપતિમાં વોલ્ટરની વય ૧૦૧ વર્ષ, વોલ્ટર હેફ્નરની સંપત્તિ હાલ ૪.૩ અબજ ડોલર.
- દિલ્હીના રામલીલા મેદાનમાં રામદેવના ઉપવાસ સમયે રાત્રે થયેલા લાઠીચાર્જ બદલ ૬ પોલીસ જવાનો દોષિત.
- ડીસામાં વીજ વોલ્ટેજ વધી જતાં ઇલેક્ટ્રીક ઉપકરણોને નુકશાન.
- ધર્મના નામે અનામતનો મુદ્દો સુપ્રીમે ફગાવી દીધો, કેન્દ્ર વિસામણમાં.
- આર્થિક પછાત વર્ગના ક્રીમી લેયરની વાર્ષિક આવક રૂા. ૪ લાખથી વધારી રૂા. ૭ લાખ થાય તેવી સંભાવના.
- નર્મદા કેનાલ પર ૧૦૦૦થી વધુ પંપો મુકીને થતી પાણી ચોરી.
- ભારતમાં છૂટાછેડા લેવાના ટ્રેન્ડમાં ચોંકાવનારો વધારો, કેરેળમાં સૌથી વધુ.
- સંસદ સભ્ય અને ફિલ્મ અભિનેત્રી હેમામાલિની પુત્રી એશા દેઓલના તા. ૨૯મી જૂને પ્રભુતાના પગલાં માંડશે.
- હિન્દી ફિલ્મ રાઉડી રાઠોડની કમાણી ૧૦૦ કરોડને વટાવી ગઇ, અક્ષયકુમારે આભાર વ્યક્ત કર્યો.
- ભાવનગરમાં વિદ્યાર્થીને એકના બદલે બીજી સ્કૂલમાં રીક્ષા ડ્રાઇવરે મુકી આવતાં પરિવારજનો-પોલીસો ધંધે લાગી ગયા.
- આજથી બી.એસ.એન.એલની પ્રિપેડ મોબાઇલમાં ઢગલાબંધ સ્કીમ.
- કે.બી.સી.માં અભિતાભ બચ્ચન પર કરોડોનો વરસાદ : ૧૪૦ કરોડનો કરાર.
- બ્રિટનમાં ૧૬ લાખથી વધુ કમાતા હો તો જીવનસાથી માટે વીસા મળશે.
- બાબા રામદેવ ગુજરાતમાં ચૂંટણી જંગમાં ઝંપલાવશે.
- બ્રિટનના વડાપ્રધાનની બેદરકારી, પુત્રીને પબમાં ભૂલી ઘરે ચાલ્યા ગયા.
- ભૂતપૂર્વ ક્રિકેટર અને કોંગ્રેસ સંસદ સભ્ય શ્રી મોહમ્મદ અઝહરૂદ્દીન અને તેમના ધર્મપત્ની સંગીતા બીજલાણી વચ્ચે વાસણ અથડાયા હોય તેવી હવા.
- મિલ્ક પાવડરની નિકાસને સરકારની મંજૂરી.
- અમૂલએ ૫૦ વર્ષ પૂર્ણ કર્યાની ઉજવણી કરશે.

# રાજ્ય સરકારના કર્મચારીઓને જીપીએફની સ્લીપો ૨૧મી જૂનથી વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૨

રાજ્ય સરકારના વર્ગ ૧,૨, અને ૩ના કર્મચારીઓની વર્ષ ૨૦૧૧-૧૨ની જનરલ પ્રોવિડન્ટ ફંડના હિસાબોની સ્લીપો તેઓ તા.૨૯-૨-૨૦૧૨ના રોજ કચેરીમાં નોકરી કરતા હતા તે ઉપાડ અધિકારીશ્રીને તા.૨૧-૬-૨૦૧૨થી મોલકવાની શરૂ થશે. દરેક ઉપાડ અધિકારીશ્રીને એકાન્ટન્ટ જનરલ દ્વારા જણાવવામાં આવે છે કે સ્લીપની સાથે જોડવામાં આવેલ તેમની કચેરીના કર્મચારીઓની જી.પી.એફ.ખાતા નંબરની યાદી (હાફ માર્જીન) સાથે સરખાવી જે તે કર્મચારીઓને તેમની સહી લઈ આ સ્લીપો સોંપી દેવી. જ કર્મચારીઓની અન્ય કચેરીઓમાં બદલફી થઈ હોઈ તેઓને તેમના જી.પી.એફ. ખાતાની સ્લીપ તેના ઉપાડ અધિકારીશ્રીને મોકલી દવેવી અને રાજકોટની અત્રેની કચેરીને તેની જાણ કરવી.

દરેક કર્મચારીઓને જણાવવામાં આવે છે કે સ્લીપ મળ્યા બાદ તેનો બારીકાઈથી અભ્યાસ કરી તેમાં જો કોઈ ક્ષતિ (ભૂલ) જણાય તો જરૂરી આધાર પુરવાની નકલ સાથે આ કચેરીનો તુરંત સંપર્ક કરવો તેમજ તેમના જી.પી.એફ.ને લગતા કોઈપણ અણઉકેલ પ્રૉ શ્રી ડી.આર.વણકર (આઈ.એ.એસ.) ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઈ) ની કચેરી, રાજકોટ-૩૬૦૦૦૧ના ધ્યાન પર લાવવા સંતોષકારક જવાબ ન મળે તો સુ શ્રી ઈન્દુ અગ્રવાલ, એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઈ) રાજકોટનો પત્ર થી સંપર્ક કરવો. ફોન નંબર - ૦૨૮૧-૨૪૪૧૬૦૦-૦૬, સીનીયર એકાઉન્ટસ ઓફીસરશ્રી, એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટની અખબારી યાદીમાં જણાવાયું છે.